# કલા અને નૃત્ય

**પટેલ વર્ષાબેન મહેન્દ્રકુમાર**
પીએચ.ડી. સ્કોલર,હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

## પ્રસ્તાવના :

આપણે જાણીએ છીએ કે કોઈપણ દેશનો વિકાસ અને તેની સંસ્કૃતિના વિકાસમાં કલાનું મહત્વનું યોગદાન હોય છે. કલા, સાહિત્ય અને સંસ્કૃતિ એકબીજા સાથે જોડાયેલા અભિન્ન અંગ છે. આપણો દેશ વિભિન્ન સંસ્કૃતિથી ઓળખાય છે. વિવિધતામાં એકતાથી ઓળખાતી આપણી ભારતીય સંસ્કૃતિ અલગ કલાઓને એક નવો આકાર આપે છે. મૂલ્યો અને પ્રથાઓની વિવિધતા આપણી સંસ્કૃતિને નવીનતા પ્રદાન કરે છે. આપણા સાંસ્કૃતિક વારસાને નવો ઓપ આપવામાં આપણી કલાઓનું મહત્વનું યોગદાન છે.

## કલા :

ભારતીય સાહિત્યમાં લલિલકલા અને લલિતેતર કલાઓ એમ બે પ્રકારની કલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં ગીત-સંગીત, નૃત્ય, નાટક, પરંપરા, કલા પ્રદર્શન, ધાર્મિકતા, સંસ્કારો, ચિત્ર, લેખનકળા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ‘કલા’ શબ્દની વ્યુત્પત્તિ ‘સંસ્કૃત’ની ‘કલ’ ધાતુથી થઇ છે. તેનો અર્થ ‘સંખ્યાન’ છે. સ્પષ્ટ અને વ્યવસ્થિત રૂપમાં જેને અભિવ્યક્ત કરી શકાય તે ‘કલા’ છે. ‘કલા’ એ સૌંદર્યનું પ્રતીક માનવામાં આવે છે. શિલ્પકલા, સ્થાપત્યકલા, ચિત્રકલા, સંગીતકલા, સાહિત્યકલા, યુદ્ધકળા, રંગમંચકલા વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આપણો સાંસ્કૃતિક વારસો, સ્મારકો, શિલાલેખો, સાહિત્ય, કલાઓ, મેળાઓ, તહેવાર, હસ્તકલા વિશે આપણને ઘણી-બધી માહિતી મળી શકે. આપણો ભારત દેશ વિભિન્ન કલાઓનું ઘર ગણી શકાય. બધી જ કલાઓનું જ્ઞાન આપણને ભારત દેશની સંસ્કૃતિને જોતા જ મળી જાય તેવો આપણો વારસો છે. ‘વિવિધતામાં એકતા’, ‘આધ્યાત્મિકતા અને ભૌતિકતાનો સમન્વય’, ‘ધાર્મિકતા અને સાંસ્કૃતિક પરંપરા’, ‘લોકવિદ્યા અને હસ્તકલા’, ‘વાસ્તુશાસ્ત્ર’, ‘સ્થાપત્યકલા ‘વગેરે ભારતીય કલા અને સંસ્કૃતિની મુખ્ય વિશેષતા રહી છે.

ભારતીય કલા અને સંસ્કૃતિ આપણા દેશની ઓળખ છે અને આ કલા આપણી જીવનશૈલી, રીત-રિવાજો અને તેના પરના વિશ્વાસને ઉજાગર કરે છે. ભારતીય પરંપરા અનુસાર કલા એટલે એવી બધી ક્રિયાઓ જેમાં કૌશલ્યો હોય. 'નાટ્યશાસ્ત્ર', 'કામસૂત્ર'માં તેમજ 'શુક્રનીતિ'માં 'કલા'નો ઉલ્લેખ થયેલો છે. 'કામસૂત્ર'માં તો ૬૪ કલાઓનો ઉલ્લેખ થયેલો છે. આ ઉપરાંત ભારતીય વાસ્તુકલામાં 'સિંધુઘાટી સભ્યતા', પ્રાચીન ભારતીય વાસ્તુકલા, મધ્યકાલીન વાસ્તુકલાનો સમાવેશ થયો છે. ભારતીય મૂર્તિકલામાં પ્રાચીન ભારતીય વાસ્તુકલા, મધ્યકાલીન વાસ્તુકલાનો સમાવેશ થયો છે. ભારતીય મૂર્તિકલામાં પણ પ્રાચીન ભારતીય મૂર્તિકલા, મધ્યકાલીન મૂર્તિકલાનો સમાવેશ થયો છે. તેમજ ભારતીય ચિત્રકલામાં પ્રાચીન ભારતીય ચિત્રકલા જેમાં પ્રાચીન ભારતીય ગુફાના ચિત્રો, અંજતા-ઈલોરાના મુગલશૈલીની ચિત્રકલા જોવા મળે છે. ભારતીય સંગીતકલામાં પણ શાસ્ત્રીય સંગીત, લોકસંગીતનો સમાવેશ થયો છે. તેવી રીતે ભારતીય નૃત્યમાં શાસ્ત્રીય અને લોકનૃત્ય મહત્વની કલા છે. બધી જ કલાઓમાં નૃત્યકલા પણ મહત્વનું સ્થાન ધરાવે છે.

### નૃત્યકલા :

નૃત્ય એક સાર્વભૌમિક કલા છે. તે માનવીની અભિવ્યક્તિનું રસિક અને ક્રિયાત્મક પ્રદર્શન છે. માનવીના સુખ-દુઃખોને વિભિન્ન મુદ્રાઓથી અભિવ્યક્ત કરવાનું સાધન પણ નૃત્યને ગણાવી શકાય. નૃત્યકલાના વિકાસમાં ધર્મ અને દર્શનને જોડવામાં આવે છે. ભારતીય પુરાણોમાં ઈશ્વર પ્રાપ્તિના સાધન તરીકે પણ માનવામાં આવે છે. નૃત્યને કલાઓની જનની માનવામાં આવે છે. પોતાના વિચારોને, ભાવોને કે કલ્પનાઓને વ્યક્ત કરવાનું સાધન એટલે નૃત્ય. આનંદની ગતિનો અનુભવ મેળવવા માટેનો અંગ વિન્યાસ એટલે નૃત્ય. નૃત્ય એ દૈહિક અભિવ્યક્તિ છે. નૃત્ય માટે કેટલીક સાહજિક પ્રવૃત્તિઓ જોવા મળે છે. જેમ કે, થાંભલાની ગોળાકાર ફરવું, કૂદકા મારવા, તાલ સાથે ધૂમવું, વિવિધ અલંકારો ધારણ કરવા વગેરે નૃત્યનો એક ભાગ છે. નૃત્યની ઉત્પત્તિ વિશે કોઈ ચોક્કસ ઈતિહાસ જાણવા મળ્યો નથી. પરંતુ કેટલાક આદિમાનવોના નૃત્યો વિશેના ભીંતચિત્રો પરથી તેના વિશે ધારણા કરી શકાય. કેટલીક આદિમ જાતિના નૃત્યો પર પ્રકૃતિ અને

ધર્મની અસર જોવા મળે છે. માણસ જેમ ટોળામાં અને સમૂહમાં રહેતો થયો તેમ-તેમ સામૂહિક નૃત્યો ઉદ્ભવ્યા. તેમાં પણ તેમની ધાર્મિકતા અને સામાજિક પ્રણાલીઓની ઝાંખી થાય છે.

ભારતમાં નૃત્યકલા પ્રાચીનકાળથી જોવા મળે છે. સમૃધ્ધ અને મહત્વપૂર્ણ આ પરંપરા ભારતીય લોકોના સામાજિક જીવન અને ધાર્મિક જીવનમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ લોકપ્રિય કલાનો વિકાસ વેદો, પુરાણો, મહાકાવ્યોથી જાણી શકાય. આપણા વારસાથી તેનો અંદાજ લગાવી શકાય. જેમ કે, મોહે-જો-દડોની એક કાસ્ય મૂર્તિમાંની નૃત્ય મુદ્રાઓ પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત નટરાજ મુદ્રા પણ નૃત્યકલાનો સંકેત છે. ભરતમુનિના ‘નાટ્યશાસ્ત્ર’ ગ્રંથ નાટક, નૃત્ય અને સંગીતની કલાનો સ્ત્રોત માનવામાં આવે છે. ‘નાટ્યશાસ્ત્ર’ અનુસાર તાંડવ અને લાસ્ય એ શાસ્ત્રીય નૃત્યનો મહત્વનો પાયો છે. પ્રાચીન ગ્રંથો અનુસાર નૃત્યમાં નાટ્ય, નૃત્ય અને નૃત આ ત્રણ તત્વો માનવામાં આવે છે. નાટ્ય નાટકીય તત્વો પર ભાર આપે છે. નૃત્ય એ વિષય તેના વિચારોના અર્થની અભિવ્યક્તિને પ્રધાનતા આપે છે. તેમજ નૃત એ શુધ્ધ નૃત્ય છે. નૃત્ય અને નાટ્યના પ્રભાવી પ્રસ્તુતીકરણ માટે તેમાં શૃંગાર, હાસ્ય, કરુણા, વીરતા, રૌદ્ર, ભયાનક, બિભત્સ, અદ્ભુત અને શાંતિ જેવા નવરસનું સંયોજન જરૂરી બને છે.

આપણા ભારતીય નૃત્યને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

૧. આદિવાસી નૃત્ય

૨. લોકનૃત્ય

૩. શાસ્ત્રીયનૃત્ય

આદિવાસી નૃત્યો અસંખ્ય લોકોના જીવનના કામકાજને ઉપસાવતા નૃત્યો છે. શાસ્ત્રીય નૃત્ય માટે પ્રેક્ષકોને નૃત્ય અને સંગીતનું જ્ઞાન હોવું જરૂરી બને છે. તેમજ તેનામાં સમજદારી અને રસિકતા પણ જરૂરી છે.

અત્યારે હાલ ભારતની સંગીત નાટ્ય અકાદમી દ્વારા આઠ ભારતીય નૃત્ય સ્વરૂપો જોવા મળે છે. દરેક રાજ્યોના પોતીકા મૂલ્યો છે, જેવા કે,

| | | | |
|---|---|---|---|
| | ભરતનાટ્યમ | - | તમિલનાડુ |
| | કથકલી | - | કેરલ |
| | ઓડિસી | - | ઓરિસ્સા |
| | મણિપુરી | - | મણિપુર |
| | કૂચીપૂડી | - | આંધ્રપ્રદેશ |
| - | મોહિની પટ્ટમ | - | કેરલ |
| | કથક | - | ઉત્તર પ્રદેશ |
| | યક્ષજ્ઞાન | - | કર્ણાટક |

આમ, દરેક રાજ્યોના નૃત્યો પોતાની સંસ્કૃતિને જોડી રાખે છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશના લોકનૃત્યમાં રાસલીલા, રામલીલા, ખ્યાલ, નૌટંકી, નકલ, સ્વાંગ, દાદરા વગેરેનો સમાવેશ થાય છે. રાજસ્થાનના લોકનૃત્યમાં ઘૂમર, ગંગોર, ઢોળનૃત્ય, અગ્નિનૃત્ય, કઠપુતળી, ભવાઈ નૃત્ય, પનિહારી વગેરે છે. કશ્મીરના લોકનૃત્યમાં ભાડજશ્ન, દુમ્હલ, કુડ વગેરેનો સમાવેશ થાય છે. પંજાબના લોકનૃત્યમાં ભાંગડા, લુડ્ડી, ધૂમલ, ધનકારા, કિકલી તેમજ અરૂણાચલ પ્રદેશના લોકનૃત્યમાં વાંચો, બુઈયા જેવા લોકનૃત્યનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના લોકનૃત્યમાં તમાશા, લાવળી, કોળી, ધનગરીગામ અને ગુજરાતમાં ગરબા, દાંડિયા, ભવાઈ વગેરે નૃત્યો જોવા મળે છે.

અત્યારે આપણે જોઈ શકીએ છીએ કે સમય બદલાયો છે. બદલાતા યુગ સાથે નૃત્યો પણ બદલાયા છે. પશ્ચિમી સંસ્કૃતિની અસર તળે આજની યુવા પેઢી વેસ્ટર્ન ડાન્સને અનુસરે છે. ક્યાંકને ક્યાંક આપણી જે નૃત્યકલા છે તેમાં ઝાંખપ આવી હોય તેવું લાગી રહ્યું છે.

## ઉપસંહાર :

માનવ સમાજ નાશવંત છે. પરંતુ કલા તરીકે તેમણે જે ઉપલબ્ધિઓ મેળવી છે તે નવા જ સુધારા-વધારા સાથે પેઢી-દર-પેઢી ટકી રહે છે. મનુષ્યની કલાત્મકતા વારસારૂપે જીવંત રહે છે. શિલ્પકલા, સ્થાપત્યકલા, ચિત્રકલા, સાહિત્યકલા, નૃત્યકલા આ બધી જ કલાઓ સંસ્કૃતિનું સ્મરણ

આપનારી બની રહી છે. અભણ પ્રજામાં પણ આ કલાઓ લોકોની જીવન ભાવનાને તેમજ આદર્શોને જીવંત બનાવે છે.

## સંદર્ભગ્રંથ

૧. લલિતકલા સંજ્ઞાકોશ, લે-અભિજિત વ્યાસ

૨. https://gujartivishwakosh.org